# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, તેઓના વિભાગ/કેન્દ્રોની માન.કુલપતિશ્રીની મંજુરી માટે રજુ થતી ફાઇલોમાં નોંધનું લખાણ સ્પષ્ટ અને સમજી શકાય તેવું હોતુ નથી તેમજ ફાઇલોમાં પુરતા આધારો રજુ કરેલ ન હોવાથી ફાઇલો ઉપર નિર્ણય લેવામાં વિલંબ થાય છે.

આથી માન.કુલપતિશ્રીની સુચના અનુસાર જણાવવાનું કે હવેથી માન.કુલપતિશ્રીની મંજુરી માટે મોકલવામાં આવતી ફાઇલોમાં નોંધનું લખાણ સ્પષ્ટ તેમજ તમામ વિગતોને આવરી લેનારૂ અને પુરતા જસ્ટીફીકેશન સહિતનું હોવું જોઇએ અને જયાં સ્ટેચ્યુટની આઇટમનો ઉપયોગ કરવાનો થતો હોય ત્યાં તેની સ્પષ્ટ ઉલ્લેખ થયેલો હોવો જોઇએ.

યુનિવર્સિટીના સંબંધિત અધિકારીશ્રીઓએ તેઓના મારફત આવતી તમામ ફાઇલોનો સંપૂર્ણ અભ્યાસ કરી સ્પષ્ટ અભિપ્રાય / રીમાકર્સ સહિત માન.કુલપતિશ્રીની મંજુરી માટે ફાઇલો રજુ કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં માન.કુલપતિશ્રીની મંજુરીથી જારી કરવામાં આવે છે જેથી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નં. આકૃયુ/રજિ/સંકલન/૧૭૪૯૯ /૨૦૧૪ 

તા.૨૪/૧૨/૨૦૧૪

કુલસચિવ

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.

૨. યુનિવર્સિટીની તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ સારૂ.

**નકલ રવાના:**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવ/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ.

૨. આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ.